# પ્રકરણ 14: લોકશાહીમાં સમાનતા

## સ્વાધ્યાય

### પ્રશ્ન 1: ખાલી જગ્યા પૂરો:

(1) વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ ભારત છે.

(2) દેશનું સંચાલન કરવા માટેની માર્ગદર્શિકા બંધારણ કહેવાય.

(3) ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે.

### પ્રશ્ન 2: ટૂંકમાં ઉત્તર આપો:

(1) લોકશાહી કોને કહેવાય છે?

- લોકોનું, લોકો વડે અને લોકો માટે ચાલતું શાસન એટલે લોકશાહી.
- લોકશાહી સરકારની રચના લોકોના મતદાન વડે થાય છે.
- આપણા દેશમાં લોકશાહીના સૌથી નાના એકમ ગ્રામપંચાયતથી શરૂ થઈ દેશની સૌથી મોટી પંચાયત એટલે સંસદની ચૂંટણી મતદાન દ્વારા થાય છે.

(2) આપણને કઈ બાબતોમાં સમાનતાનો અધિકાર આપેલ છે?

- કાયદાના આધારે આપણને નીચેની બાબતોમાં સમાનતાનો અધિકાર આપેલ છે:

→ ભિન્ન-ભિન્ન ધર્મની વ્યક્તિઓમાં સમાનતા
→ ભાષા કે બોલીને આધારે સમાનતા
→ શિક્ષણ મેળવવામાં સમાનતા
→ લિંગ આધારિત સમાનતા
→ વ્યક્તિગત વિકાસમાં સમાનતા
→ વિચારોની અભિવ્યક્તિમાં સમાનતા

(3) વ્યક્તિના સર્વાંગીણ વિકાસ માટે કઈ બાબત જરૂરી છે?

- વ્યક્તિના સર્વાંગીણ વિકાસ સમાનતાનો અધિકાર ખૂબ મહત્ત્વનો છે.

### પ્રશ્ન 3: એક-બે વાક્યોમાં ઉત્તર આપો:

(1) મતાધિકાર કોને મળે છે?

- આપણા દેશમાં 18 વર્ષથી મોટી ઉંમરના દરેક નાગરિકને મતાધિકાર મળે છે.

(2) ચૂંટણીપંચ શી કામગીરી કરે છે?

- ચૂંટણીપંચ તટસ્થ રીતે ચૂંટણી કરાવે છે. ભારત દેશમાં નોંધાયેલ સૌ મતદારો મતદાન કરી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે.

(3) બાળમજૂરી શા માટે અટકાવવી જોઈએ?

→ આપણા દેશમાં 14 વર્ષ કરતાં નાની ઉંમરના બાળકને મજૂરીએ રાખવું એ કાયદાનો ભંગ ગણાય છે.
→ સૌ નાગરિકોને 6થી 14 વર્ષ સુધી મફત, ફરજિયાત અને સાર્વત્રિક ભણવાનો અધિકાર છે.

- બાળકોને શાળામાં ભણવાનું છે તે ઉંમરે તેઓ મજૂરી કરે તો તે એક પ્રકારનો ગુનો બને છે. તેથી બાળમજૂરી અટકાવવી જોઈએ.

## પ્રશ્ન 4: ટૂંક નોંધ લખો:

### (1) લોકશાહીમાં સમાનતા

- લોકશાહી દેશમાં સમાનતાને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે.
- અહીં સમાનતાનો અધિકાર આપવો એ સૌ માટે જરૂરી છે. આપણે કોઈને સન્માન આપીએ તો કોઈ આપણને સન્માન આપે. આ જ રીતે બંધારણમાં પણ સમાનતાનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.
- કેટલાંક અવલોકનોને આધારે જ્યારે દયાભાવ જોવામાં આવે ત્યારે સમજવું કે સામેવાળી વ્યક્તિને સમાન અધિકાર મળ્યો નથી. આવી અનેક બાબતોને સમજવા આપણે જાતે શું કરી શકીએ તે અંગે વિચારવું જરૂરી છે. તો જ જ્યાં-જ્યાં સમાનતા નથી ત્યાં-ત્યાં આપણે પ્રયત્ન કરી શકીએ.
- હું કશું ન કરી શકું એવો વિચાર ન કરવો જોઈએ. આ માટે પહેલ કરવી જરૂરી છે.
- સ્વચ્છતા આપણે જ રાખીએ તો જ કોઈને સ્વચ્છતા માટે કહી શકાય. એવું જ સમાનતા માટે છે.

### (2) મતાધિકારમાં સમાનતા

- દેશમાં 18 વર્ષથી મોટી ઉંમરના દરેક નાગરિકને મતાધિકાર આપવામાં આવ્યો છે.
- ચૂંટણીપંચ તટસ્થ રીતે ચૂંટણી કરાવે છે.
- મતદારયાદીમાં નોંધાયેલ કોઈ પણ નાગરિક મતદાન કરી શકે છે.
- ધર્મ, ભાષા, લિંગ, બોલી કે આર્થિક અસમાનતા વચ્ચે સૌને બંધારણમાં સમાનતા આપવામાં આવેલ છે.
- કોઈ ધાક-ધમકી, દાદાગીરી કે ડરને આધીન મતદાન ન કરે તે માટે મતદારને જાગ્રત કરવામાં આવે છે.
- મતનું મહત્ત્વ સમજાવવા અને કોઈ પણ પ્રકારના ડર વગર મતદાન થાય એ માટે ચૂંટણીપંચ વ્યવસ્થા કરે છે.
- ચૂંટણીના સમયે વધુમાં વધુ લોકો મતદાન કરી શકે તે માટે ખાસ પ્રયત્નો કરવામાં આવે છે.
- જાહેરાત અને વિશેષ વ્યવસ્થા થકી મતદારોને જાગ્રત કરાવવામાં આવે છે.
- ભારત દેશમાં નોંધાયેલ સૌ મતદારો મતદાન કરી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે.
- મહિલાઓ માટે વિશેષ મતદાન મથકો છે.
- દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિશેષ સુવિધા કરવામાં આવે છે.

### (3) બાળમજૂરી અને બાળ અધિકાર

- દેશમાં જોવા મળતી વિવિધ અસમાનતામાં બાળમજૂરી મુખ્ય છે.
- 14 વર્ષ કરતાં નાની ઉંમરના બાળક પાસે બજારમાં, ખેતરોમાં, કારખાનાઓમાં કે અન્ય સ્થળોએ મજૂરી કરાવવી એટલે બાળમજૂરી. આ પ્રવૃત્તિ ગેરકાયદેસર છે.
- 14 વર્ષ કરતાં નાની ઉંમરના બાળકને મજૂરીએ રાખવું એ કાયદાનો ભંગ ગણાય છે.
- બાળમજૂરી એ શિક્ષણ મેળવવાના અધિકારનો પણ ભંગ ગણાય છે.
- આપણા દેશના સૌ નાગરિકોને 6થી 14 વર્ષ સુધી મફત, ફરજિયાત અને સાર્વત્રિક ભણવાનો અધિકાર છે.
- આ અધિકાર સમાન રીતે આપવામાં આવેલ છે.
- આધુનિક સમયમાં ઉચ્ચશિક્ષણમાં દીકરીઓને ન ભણાવવાનું વલણ ક્યાંક-ક્યાંક જોવા મળે છે.
- બાળકોને શાળામાં ભણવાનું છે તે ઉંમરે તેઓ મજૂરી કરે તો તે એક પ્રકારનો ગુનો બને છે.